ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

KRCSC BHAVNAGAR

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

તા.૨૩/૦૬/૨૦૧૪

પ્રતિ,
તંત્રીશ્રી

ભાવનગર.

## સંતકંવરરામ માધ્યમિક શાળાના વિધાર્થીઓ તેમજ મહિલા મંડળની બહેનોએ કરેલી કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરની વિજ્ઞાન સફર

તા.૨૦ અને ૨૧ જૂનના રોજ શ્રી સંતકંવરરામ માધ્યમિક શાળાના વિધાર્થીઓ, શિક્ષક મિત્રો તેમજ મહિલા મંડળ, વિધાનગરની આંગણવાડી કાર્યકર્તા બહેનો કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરની મુલાકાતે આવેલ.

આ વિજ્ઞાન સફરમાં સંસ્થાના સાયન્સ કોમ્યુનીકેટરે તેઓને સંસ્થાનો પરિચય આપીને વિજ્ઞાનના નિયમો અને સિધ્ધાંતોને સમજાવતા મોડેલ તેમજ ઊર્જા બચતના મોડેલની સરળ સમજૂતી આપેલ. આ ઉપરાંત વિધાર્થીઓએ સંસ્થાની લાઈબ્રેરી, ગણિતના મોડેલ અને ટેલિસ્કોપ શું છે ? તેની માહિતી મેળવેલ. વિધાર્થીઓમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ વિકસે કહેવાતા ચમત્કારો પાછળનું વિજ્ઞાન જાણે તે માટે નો અંધશ્રધ્ધા નિર્મૂલન કાર્યક્રમની જાણકારી આપવામાં આવેલ.

આ ઉપરાંત મહિલા મંડળ, વિધાનગર ની આંગણવાડી કાર્યકર્તા બહેનો તેમજ કો.ઓર્ડિનેટર શ્રી કૃપાબેન મહેતા સંસ્થાની મુલાકાતે આવેલ. જેમાં સંસ્થાના સાયન્સ કોમ્યુનીકેટરે તેઓને સંસ્થાનો પરિચય આપેલ અને થેલેસેમિયા રોગ વિશેની પૂરતી સમજ આપેલ. સમાજમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ વિકસે અને ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં લોકો જૂની માન્યતાઓ અને કહેવાતા ચમત્કારો પાછળનું વિજ્ઞાન જાણે તે માટે ના અંધશ્રધ્ધા નિર્મૂલન કાર્યક્રમની જાણકારી અને માર્ગદર્શન આપી સાયન્સના માર્ગ પર ચાલી લોકોને સાચી દિશા તરફ લાવવાના સંસ્થાના આ કાર્યમાં સહભાગી થવા જણાવેલ. સમગ્ર કાર્યક્રમમાં માર્ગદર્શન સંસ્થાના ચેરમેન ડૉ. ભાવેશભાઈ ભરાડે આપેલ.

પ્રી.પ્રી.ત્રિવેદી

(પ્રીતિ ત્રિવેદી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર